## જન્મદિને વધામણી



**ડો. પરાગી ગાંધી**
પેથોલોજીસ્ટ
ઝોન વાઈસ પ્રેસીડેન્ટ,
જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ
મો. ૯૮૨૫૫ ૬૩૯૯૦



**રસીલાબેન કનુભાઈ પંચાલ**
મો. ૯૫૧૨૨ ૫૩૨૫૧



**રમેશભાઈ એસ વાળંદ**
મો. ૭૫૬૭૦ ૭૮૨૮૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

### નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીના હસ્તે

# ૧૦૮ મોબાઈલ એપ્લીકેશનનું લોન્ચિંગ કરાયું









ગાંધીનગર, તા. ૨૪

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આપાતકાલ-અકસ્માત જેવી ઘટનાઓમાં તત્કાલ આરોગ્ય સેવા મદદ માટે ટેકનોલોજીના વિનિયોગથી ૧૦૮ મોબાઈલ એપ્લીકેશનનું લોન્ચિંગ કરાવતાં સ્પષ્ટપણે કહ્યું કે, ગુજરાતનો આ નવો આયામ 'પ્લેટિનમ અવર'માં અમૂલ્ય માનવ જીવન બચાવવાનો સક્ષમ પર્યાય બનશે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં ૧૦૮ મોબાઈલ એપ લોન્ચીંગ સાથે જ સાગરખેડૂ-બંધુઓને સારવાર સુવિધાની ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ તેમજ નવી ૧૦ ૧૦૮ એમ્બ્યુલન્સવાનનો પ્રજાપર્ણ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, આ ૧૦૮ મોબાઈલ એપ્લીકેશનમાં પાંચ મોડયુલ છે અને તે ઈન્ટીગ્રેટેડ હોવાથી અકસ્માત, ઈજા કે અન્ય આપાતકાલમાં વાતચીત-પેપર વર્કનો તેમજ સારવાર સ્થળ સુધી પહોચાડવાનો જે સમય જાય છે તે નિવારી શકાશે. શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજયના હરેક નાગરિકને આ ૧૦૮ મોબાઈલ એપ ડાઉનલોડ કરી લેવાની હાર્દભરી અપિલ કરતાં ઉમેર્યુ કે, ઈમરજન્સીના સમયે આખી મેડિકલ સેવાઓ નાગરિકોની મૂઠીમાં હોય તેવી નેમ આ લોકોપયોગી એપ્લીકેશનની છે. તેમણે એમ પણ જણાવ્યું કે, રાજ્યની ચાર હજાર હોસ્પિટલો આ એપ્લીકેશન સાથે ઈન્ટરલીન્કડ હોવાથી ઘટના સ્થળની નજીકના સ્થળની સરકારી-ખાનગી સારવાર સુવિધા, બ્લડ બેન્ક જેવી આવશ્યક સેવાઓની યાદી તૂર્ત જ ઉપલબ્ધ થવાથી યોગ્ય નિર્ણય લઈ સારવાર માટેની વ્યવસ્થા કરવામાં અગ્રતા રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ રાજયના સૌ નાગરિકોની મેડીકલ હિસ્ટરી પણ સ્માર્ટ ફોનમાં ડેટારૂપે ઉપલબ્ધ બનાવી પેપરલેસ હેલ્થ ફેસેલીટીની નેમ દર્શાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે ઉમેર્યુ કે, ગુજરાતમાં તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળમાં તેમણે જન સેવાની ઉદાત ભાવનાથી ૨૦૦૭માં શરૂ કરેલી ૧૦૮ સેવામાં આ સરકારે સમયાનુકુલ ટેકનોલોજી અને અપગ્રેડેશનનો વિનિયોગ કરીને આજે આપાતકાલમાં પ્રત્યેક સેકન્ડનો બચાવ અને માનવીની અમૂલ્ય જીંદગીને બચાવી લેવા માટે હોલિસ્ટીક એપ્રોચથી આયોજનો વ્યાપક સ્વરૂપે વિસ્તાર્યા છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યુ કે, રાજયમાં પ્રતિવર્ષ ૭ થી ૮ હજાર લોકો અકસ્માતમાં જીવ ગુમાવે છે. આ આંકડો ઘટાડી શકાય તેવા ભાવથી ૧૦૮ સેવાઓમાં ટેકનોલોજી ઉપયોગ સહિતના નવા આયામો જોડયા છે. તેમણે રાજ્ય સરકારે ધનવન્તરી આરોગ્ય રથ દ્વારા શ્રમિકોના કામકાજના સ્થળે જઈને આરોગ્ય સેવાઓ, મૂંગા અબોલ પશુજીવોની સારવાર માટે ૧૯૬૨ કરૂણા એમ્બ્યુલન્સ સેવાઓ, મા અમૃતમ, વરિષ્ઠ નાગરિકોને આરોગ્ય સહાય જેવા રાજ્ય સરકારના વિવિધ સફળ આરોગ્યલક્ષી પ્રયોગોની પણ વિશદ ભૂમિકા આપી હતી.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતના આરોગ્ય તંત્રે સીમાચિહ્નરૂપ સેવાનો આજથી પ્રારંભ થયો છે. રાજયના નાગરિકોની આરોગ્ય કાળજી માટે તત્પર રાજય સરકારે ૧૦૮ની સેવાને વ્યાપક અને પરિણામલક્ષી બનાવી છે. અગાઉ માત્ર હોસ્પિટલ કે ટ્રસ્ટની એમ્બ્યુલન્સ દ્વારા જ દર્દીઓને હોસ્પિટલ પહોંચાડતા હતા પણ આજે રાજયના ખૂણે-ખૂણે ગણતરીની મિનિટોમાં જ એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ છે. માત્ર ૫૦ જેટલી એમ્બ્યુલન્સથી શરૂ થયેલી સેવા આજે ૫૮૫ એમ્બ્યુલન્સ સુધી પહોંચી છે.

# ઈડીઆઈ ગ્રામીણ વિસ્તારોમાં રોજગારી માટે પ્રયત્નો કરશે

ગાંધીનગર, તા. ૨૪

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ ગ્રામીણ વિકાસ મંત્રાલયના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા અભિયાનના સ્ટાર્ટ-અપ વિલેજ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં આજીવિકા અને રોજગારીને પ્રોત્સાહન મળે તે હેતુથી એક ઝુંબેશ શરૂ કરી છે. છેલ્લાં બે વર્ષમાં એસવીઈપી હેઠળ ૭,૬૦૦થી વધારે ગ્રામીણ એકમોનું નિર્માણ કર્યું છે. એસવીઈપી ગામડાઓમાં યુવાનો માટે સ્થાયી સ્વ-રોજગારીની તકોનું સર્જન કરવા પ્રયત્નો થઈ રહ્યા છે.

નેશનલ રિસોર્સ ઓર્ગેનાઈઝેશન તરીકે પસંદ થયેલી ઈડીઆઈનો ઉદ્દેશ માર્ચ ૨૦૨૧ સુધીમાં પાંચ વર્ષનાં એસવીઈપી હેઠળ આશરે ૩૬,૦૦૦ ગ્રામીણ એકમોનું સર્જન કરવાનો છે, જે વર્ષ ૨૦૧૫-૧૬માં શરૂ થયો હતો. સંસ્થાએ ગુજરાત, મધ્યપ્રદેશ, હરિયાણા, જમ્મુ અને કાશ્મીર, પશ્ચિમ બંગાળ, ઓડિશા, ઝારખંડ, છત્તિસગઢ, તેલંગણા, પંજાબ અને ઉત્તરપ્રદેશનાં તમામ ૪૨ બ્લોકમાં એસવીઈપીનો અમલ કર્યો છે. અત્યાર સુધી સંસ્થાએ ગ્રામીણ એકમોને ભંડોળ પ્રદાન કરવા.

દેશમાં સૂક્ષ્મ ઉદ્યોગ સાહસો હાલ નોંધણી ન થયેલા ઉદ્યોગસાહસોમાં નોંધપાત્ર હિસ્સો ધરાવે છે. એસવીઈપીનો ઉદ્દેશ મુખ્ય પ્રવાહમાં સૂક્ષ્મ-ઉદ્યોગસાહસોની બહુમતી ઊભી કરવાનો છે અને તેમનાં વ્યાવસાયિક મોડલને ભંડોળ પૂરું પાડવામાં મદદ કરવાનો છે, જે સ્કેલેબલ છે અને ગ્રામીણ રોજગારીનું સર્જન કરી શકે છે. એસવીઈપી મારફતે આ ઉદ્યોગસાહસોને તાલીમ અને પર્યાપ્ત વ્યાવસાયિક કુશળતાઓ પ્રદાન કરવામાં આવે છે, જેથી તેઓ લાંબા સમય સુધી અસ્તિત્વ ટકાવી શકે અને રોજગારીનું સતત સર્જન કરી શકે.

## ધો. ૧૨ કોમર્સનું પરિણામ ૩૦મી મેએ જાહેર થશે

ગાંધીનગર, તા.૨૪

શિક્ષણપ્રધાન ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ ધોરણ ૧૨ કોમર્સ બોર્ડ પરીક્ષા પરિણામની તારીખ જાહેર કરી હતી. ચૂડાસમાએ જણાવ્યું કે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૩૦ મેએ બુધવારે જાહેર કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે રાજ્યમાં લેવાયેલી બોર્ડ પરીક્ષાઓમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પહેલાં જ પરિણામ બહાર પડી ચૂક્યું છે. તેમ જ ધોરણ ૧૦ના પરિણામની જાહેરાત આજે સવારે બોર્ડ દ્વારા વેબસાઈટ પર કરવામાં આવી છે.

વિજ્ઞાન પ્રવાહમાં પાંચ વર્ષનું સૌથી ઓછું પરિણામ આપવામાં આવ્યું છે ત્યારે સામાન્ય પ્રવાહનું પરિણામ થોડું ઊંચું આવે તેવી સંભાવનાઓ છે. જોકે રાજ્યમાં કોમર્સમાં પ્રવેશ લેવા માટે લાખો વિદ્યાર્થીઓ ઈચ્છુક હોય છે જેને લઈને પરિણામમાં આવેલી ટકાવારી મુજબ સારી કોલેજમાં પ્રવેશ લેવા માટે આ વર્ષે પણ હરીફાઈ રહેશે તેવો પ્રાથમિક અંદાજ છે.

### ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશન દ્વારા

# ૯-૧૦ જૂન દરમિયાન સ્વ. ઈશાન સુભાષભાઈ દવે મેમોરિયલ ચતુર્થ ઓપન ચેસ ટુર્નામેન્ટ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા ચેસ ઍસોસિએશન દ્વારા તા. ૯-૧૦ જૂન દરમિયાન સ્વ. ઈશાન સુભાષભાઈ દવે મેમોરિયલ ચતુર્થ ઓપન ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. બંને દિવસો દરમિયાન સિનિયર ખેલાડીઓ માટેની ઓપન સ્પર્ધા તથા તા. ૧૦ જૂનના રોજ જુનિયર વિભાગ અંતર્ગત નવ વર્ષથી ઓછી વય, તેર વર્ષથી ઓછી વય અને સોળ વર્ષથી ઓછી વય ધરાવતા ખેલાડીઓની ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. બંને ટુર્નામેન્ટ માટેનું સ્થળ જૂના સચિવાલય કેન્ટિન નિયત કરવામાં આવ્યું છે.

ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓએ વેબસાઈટ www. gjca2010. wordpress. com પરથી નિયત પ્રવેશફોર્મ ડાઉનલોડ કરી ફોર્મમાં જણાવ્યા મુજબના સ્થળોએ, પ્રવેશ ફીના રૂા. ૩૦૦ ઓપન કેટેગરી માટે તથા રૂા. ૧૫૦ જુનિયર કેટેગરી માટે તા. ૭ જૂન પહેલાં ભરીને આપવાનું રહેશે. ત્યારબાદ લેઈટ ફી રૂા. ૧૦૦ સાથે તા. ૮ જૂનની સાંજ સુધીમાં પ્રવેશ ફોર્મ ભરી શકાશે.

બહારગામ અને સ્થાનિક સ્પર્ધકોની સરળતા માટે ગાંધીનગર ખાતે ઘ-૪ નજીક કાર્યરત સિન્ડીકેટ બેન્કના ખાતા નંબર ૭૦૮૦૨ ૦૧૦૦૦ ૭૧૩૭માં સીધી જ પ્રવેશ ફી ભરીને, એકનોલેજમેન્ટ સ્લીપ તથા પ્રવેશ ફોર્મ નીચે દર્શાવેલ વોટ્સએપ નંબર પર મોકલી આપવાનું રહેશે.

વિજેતા ખેલાડીઓને સિનિયર વિભાગમાં રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે અને જુનિયર વિભાગમાં ટ્રોફી, રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપવામાં આવશે.

ઓપન કેટેગરીના ચેમ્પિયન ખેલાડીને રૂા. ૨૧૦૦, રનર્સ અપને રૂા. ૧૫૦૦, ત્રીજા ક્રમાંક વિજેતાને રૂા.૧ ૦૦૦, ચોથા ખેલાડીને રૂા. ૮૦૦ અને પાંચમા, છઠ્ઠા, સાતમા ક્રમે વિજેતા થનારા ખેલાડીને રૂા. ૪૦૦ ઈનામ તરીકે આપવામાં આવશે. અન્ડર ૯, ૧૩, ૧૬ વયજૂથના ખેલાડીઓ પૈકી વિજેતાઓને અનુક્રમે રૂા. ૭૦૦, ૫૦૦ અને ૩૦૦ તથા ચોથા, પાંચમા ક્રમે વિજેતા થનારા ખેલાડીને ઈન્ટરનેશનલ ચેસ સેટ ઈનામ તરીકે આપવામાં આવશે. ભાગ લેનારા તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રો આપવામાં આવશે.

ઓપન કેટેગરી માટે ખેલાડીઓએ તા. ૯ જૂનના રોજ સવારે ૧૧ કલાકે સ્થળ પર ઉપસ્થિત થવાનું રહેશે. ટુર્નામેન્ટના રાઉન્ડનો સમય ઓપન કેટેગરીના તમામ ખેલાડીઓ માટે એક-એક કલાક (કુલ બે કલાક) રાખવામાં આવશે.

સ્પર્ધકોને પોતાની ચેસ ક્લૉક સાથે લાવવા વિનંતી કરવામાં આવી છે, જ્યારે જુનિયર ખેલાડીઓએ તા. ૧૦ જૂનના રોજ સવારે ૯ કલાકે સ્થળ પર હાજર થવાનું રહેશે. તા. ૯ જૂનના રોજ તમામ સ્પર્ધકોને ગાંધીનગર જિલ્લા ચેસ ઍસોસિએશન દ્વારા બપોરે ચ્હા-નાસ્તાની તથા તા. ૧૦ના રોજ તમામ સ્પર્ધકોને ઍસોસિએશન દ્વારા બપોરના ભોજનની અને સવારે, બપોરે ચ્હા-નાસ્તાની વ્યવસ્થા આપવામાં આવશે. સ્પર્ધકોના વાલીઓએ સ્વખર્ચે ભોજન પાસની વ્યવસ્થા કેટરર પાસેથી કરવાની રહેશે.

બહારગામના ખેલાડીઓ માટે તેઓની જરૂરિયાત મુજબ સ્વખર્ચે રહેવાની સગવડ ગાંધીનગર જિલ્લા ચેસ ઍસોસિએશન દ્વારા કરી આપવામાં આવશે.

આ અંગેની વધુ વિગતો માટે ગાંધીનગર જિલ્લા ચેસ ઍસોસિએશનના પ્રમુખ નાનજીભાઈ સાતુનીયા (મો. ૭૯૯૦૪ ૬૪૪૭૬) અને સેક્રેટરી શૈલેષ નાયક (મો. ૯૯૦૯૯ ૪૦૬૧૨)નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### સલામ છે આ માનવતાને... ધર્મ પહેલાં માનવતા

# મુસ્લિમ યુવકે રોઝા તોડી રક્તદાન કર્યું

ગાંધીનગર, તા. ૨૪

ધર્મ પહેલા માનવતા સાબિત કરતો એક કિસ્સો ઉત્તરાખંડના દેહરાદુનથી સામે આવ્યો છે. ૨૦ વર્ષીય અજય નામનો વ્યક્તિ બીમાર પડ્યો અને જાણવા મળ્યું કે તે લેપ્રોસીથી પીડાઈ રહ્યો છે. તેના બ્લડ પ્લેટલેટ્સ ઝડપથી ઘટવા લાગ્યા હતા. અને અજયને A+ ગ્રુપના લોહીની જરૂર હતી. અજયની આવી સ્થિતિ જોઈને તેના પિતાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને મિત્રો અને પરિવાર પાસે મદદ માંગી હતી.

તેમણે લોકોને અપીલ કરી હતી કે તે અજય માટે બ્લડ ડોનેટ કરે અથવા તો આ મેસેજને આગળ ફોરવર્ડ કરે. આરિફ ખાન નામના શખ્સે જ્યારે આ પોસ્ટ વાંચી ત્યારે તેણે અજયના પિતાનો સંપર્ક કર્યો અને મદદ કરવાની તૈયારી દર્શાવી હતી. આરિફ ખાન નેશનલ અસોસિએશન ફોર પેરેન્ટ્સ એન્ડ સ્ટુડન્ટ્સ રાઈટ્સનો પ્રેસિડન્ટ છે.

આરિફ જ્યારે હોસ્પિટલ પહોંચ્યો ત્યારે ડોક્ટર્સે તેને કહ્યું કે બ્લડ ડોનેટ કરતા પહેલા તેણે કંઈક ખાવું પડશે. આરિફે વિનંતી કરી કે તેનો રોઝો હોવાને કારણે તે કંઈ પણ ખાધાપીધા વિના જ રક્તદાન કરશે. પરંતુ ડોક્ટર્સે આ પ્રસ્તાવ ન સ્વીકાર્યો. એક વ્યક્તિનો જીવ બચાવવા માટે આરિફે ધર્મ કરતા વધારે માનવતાને મહત્વ આપ્યું અને ડોક્ટર્સે જે આપ્યું તે ખાઈ લીધું. આજે દેશમાં ધાર્મિક વિવાદોને કારણે લોકોમાં અણગમો વધવાના અનેક કિસ્સા સામે આવે છે, ત્યારે આ પ્રકારના સુધારાવાદી લોકો છે જે સાબિત કરે છે કે માનવતા હજી પણ જીવંત છે.

# વધારે ઉઘરાવેલી ફી પરત નહીં કરતી કોલેજો સામે FRCની લાલ આંખ

### એફઆરસીને ફરિયાદો મળી છે કે કોલેજોના સંચાલકો વધારાની ફી કે ડિપોઝીટના નામે રકમ પડાવી રહ્યા છે

અમદાવાદ, તા.૨૪

રાજ્યની એન્જિનિયરિંગ કોલેજો દ્વારા આડેધડ વસૂલવામાં આવતી ફીના નિયમન માટે શિક્ષણ વિભાગ દ્વારા ફી નિયમન કમિટી (એફઆરસી)ની રચના કરવામાં આવી છે, જેમાં રાજ્યની આઠ એન્જિનિયરિંગ કોલેજોએ વિદ્યાર્થીઓ પાસેથી ફી અથવા ડિપોઝીટના નામે વધારે રકમ લીધી હોવાની અનેક ફરિયાદ કમિટીને મળી હતી.

ત્યારબાદ બીજી ૧૦૦ જેટલી એન્જિનિયરિંગ કોલેજો કમિટીએ નક્કી કરેલી ફી કરતાં વધારાની ફી કે ડિપોઝિટના બહાને જુદાં જુદાં ઉઘરાણાં કરી રહી હોવાની વ્યાપક ફરિયાદો કમિટીને મળતાં હવે આવી એન્જિનિયરિંગ કોલેજોને આગામી સપ્તાહથી શો-કોઝ નોટિસ ફટકારવાનું ચાલુ કરાશે. જસ્ટિસ અક્ષય મહેતાના નેતૃત્વ હેઠળ એફઆરસીની રચના કરવામાં આવી છે. તાજેતરમાં જ રાજ્યની ૮ કોલેજોએ ૧૦૭૪ વિદ્યાર્થીઓ પાસેથી નિયત કરાઈ હોય તેના કરતાં વધુ રકમ ઉઘરાવી હતી તેવી ફરિયાદના આધારે ચકાસણી કરવામાં આવી હતી. ત્યારબાદ આઠ ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટને ૧૦૭૪ વિદ્યાર્થીઓને રૂપિયા ૯૬,૩૯,૨૭૭ની રકમ પરત કરવા આદેશ કરાયો હતો અને તેની ચુકવણી પણ કરી દેવામાં આવી છે, જોકે એફઆરસીને એવી પણ ફરિયાદો મળી છે કે કેટલીક કોલેજોના સંચાલકો વધારાની ફી કે ડિપોઝીટના નામે રકમ પડાવી રહ્યા છે. આવી કોલેજોની સંખ્યા ૧૦૦થી વધુ છે.

ડેક્લેરેશન કમ અંડરટેકિંગ ન આપનારા અથવા એફઆરસીએ નક્કી કરેલી ફી કરતાં વધારાની ફી કે ડિપોઝીટના બહાને ઉઘરાણાં કરનારી કોલેજોને શો-કોઝ નોટિસ ઉપરાંત કાયદાની જોગવાઈ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે તેવું સૂત્રોએ જણાવ્યું હતું.

હાલમાં ૮ કોલેજોએ ૯૬ લાખ ફી પરત કરી દીધી છે, પરંતુ ૧૦૦થી વધુ કોલેજોને વધારાની ફી પરત કરવાનો આદેશ અપાયા પછી ફી પરત નહીં કરાતી હોવાની ફરિયાદો મળતાં તેમને શો-કોઝ નોટિસ આપીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

# વિશ્વનાં સૌથી પ્રદૂષિત શહેરો ભારતમાં






૧૯૬૦ના દાયકામાં જીવન તદ્દન સરળ, વ્યવહારો હળવા અને માનવીય સંબંધોમાં સચ્ચાઈ ખૂબ જ હતી. ત્યારે ગાડામાં ઘાસ ઉપર પાથરણું નાંખ્યું હોય અને તેમાં સૂતાં સૂતાં પાછલા પહેરો કોઈની જાનમાં જતાં ત્યારે આકાશના ટમ ટમ તારલા એક માહોલ રજૂ કરી જતા. મંદ પ્રકાશ સાથે ઢળતો ચાંદ અને ચાંદ ઉપરની કાલિમા મનમાં ઘણા પ્રશ્નો રજૂ કરતી. જાણે કે આ જ જીવનની નરી સચ્ચાઈ હશે. બધું રહસ્યમય, ખુલ્લું અને છતાં દિલોદિમાગને એ સ્પર્શી જતું! આ પ્રકારનાં દૃશ્યો યાદ રહી ગયાં છે. કારણ કે ત્યારે કોઈપણ સ્થળે જળવાયુ પ્રદૂષણ નહોતું. વાયુનું પ્રદૂષણ વિકાસની દોડમાં નક્કર રીતે પૂરા વિશ્વમાં વધ્યું છે. વાહનો, યંત્રો, દવાઓ, મિલો વગેરેનાં ઉત્પાદન - લક્ષ્યાંક હાંસલ કરવા વધતાં જ જાય છે. એટલે વાયુમાં પ્રદૂષણ વધતું જાય છે છે. ઉપરાંત જે વાહનો ચાલે છે તે પણ પ્રદૂષણ વધારે છે. ખેતરોમાં ખરીફ પાક પછી જે પરાળને સળગાવવામાં આવે છે તેનાથી હવા ખૂબ જ પ્રદૂષિત થાય છે. જે દેશોએ પૂરા વિશ્વના વાતાવરણને દૂષિત કર્યું છે તેઓ કાળજી લેવાના વૈશ્વિક કાર્યક્રમોમાંથી પીછેહટ કરી રહ્યા છે! પ્રદૂષણનું સ્તર ભયાનક રીતે વધી રહ્યું છે ત્યારે પણ ભારતમાં હજુ જનજાગૃતિ આવતી નથી. નદીઓ સુકાઈ ગઈ, ડેમો ખાલી અને જ્યાં જળ ઉપલબ્ધ છે તેમાં પુષ્કળ કચરો, ગંદકી ઉમેરાય છે. હજારો વર્ષોથી ચાલી આવતી માન્યતાઓમાંથી જનમાનસ બહાર આવતું નથી. ધર્મ વાસ્તવમાં વ્યવહારથી પ્રગટ થવો અતિ આવશ્યક હોય છે, પણ દુખની વાત એ છે કે ત્યાંજ ક્ષતિઓ છે.

ગત દિપાવલી પહેલાં દિલ્હી જાણે કે ગેસ ચેમ્બર બન્યું હતું અને દિલ્હીમાં ઓડ-ઈવન પધ્ધતિથી વાહન વ્યવહારથી પ્રગટતા પ્રદૂષણને રોકવાની કોશિષ કરવામાં આવી હતી.

પીવાનું પાણી, જળ પણ એક વિકટ સમસ્યામાં ફસાયું છે. તેવી જ રીતે હવાના પડમાં વ્યાપક વિષ ઘોળાઈ રહ્યું છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના તાજેતરના આંકડા તથા વિગતો મુજબ પ્રથમ પંદર સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ચૌદ શહેરો ભારતનાં છે અને આ યાદીમાં સૌથી પ્રથમ જે શહેર છે તેય ભારતનું જ શહેર છે : કાનપુર!

આ ઉપરાંત દિલ્હી, શ્રીનગર, મુઝફ્ફરપુરનાં નામો પણ આ યાદીમાં છે.

બધી જ ખરાબી ભારતમાં શા માટે આવી જાય છે? શું લોકો જાગૃત નથી કે પછી શાસનકર્તાઓને આ બાબતોમાં રસ નથી? પ્રદૂષણ નિવારણ બોર્ડ બધાં રાજ્યોમાં છે, તેમ છતાં ભયજનક રીતે બધું વધતું જાય છે તેનું કારણ શું છે? શ્વાસ લેવામાં મુશ્કેલી પડે અને લોકો બેભાન થઈ જાય ત્યારે જ બધાં હરકતમાં આવે તો અંતે સફળતા ક્યાંથી મળે?

પીવાલાયક પાણી વિશ્વના ઉપલબ્ધ જળનો માત્ર એક ટકા છે. હવામાં શુદ્ધિ રહી નથી. રસ્તે ચાલતા લોકો પોતાના આરોગ્યની ચિંતા કરવા માટે જાગૃત થાય છે પણ સમાજ ગંદા અને સ્વાર્થી હેતુઓ પાર પાડવા કશું જ વિચારવા તૈયાર નથી. હવાને વિકૃત કરી જ નાંખી, શાકભાજી, ફૂલ-ફળ, ખાદ્ય પદાર્થો, દૂધ, ઘી, મીઠાઈ, અનાજ બધામાં વિપુલ માત્રામાં ઉત્પાદન લેવા કે કમાઈ લેવા વ્યાપક પ્રમાણમાં ગેરરીતિઓ થઈ રહી છે. આ ખૂબ મોટો અપરાધ છે. છતાં શા માટે આ બાબતે તંત્ર ઢીલું પડે છે એ સમજાતું નથી. ભારત જ એવો દેશ છે કે જ્યાં વંદે માતરમ કહીને માતમ ઊભો કરવાનાં કામ ભય વિના થઈ રહ્યાં છે અર્થાત કોઈને જાણે કાનૂનનો ડર જ નથી!

આપણું ચિંતન કોઈ રાજકારણના હેતુથી પર છે. શા માટે આપણે જાગૃત થઈ શકતા નથી કે કાનૂનથી કોઈ સુધાર લાવી શકાતો નથી? જળ, વાયુ પ્રદૂષણ જીવન માટે ઘાતક છે, છતાં શક્ય એટલું પણ નિવારણ કરી શકાતું નતી. બધા જ પરિવારોને માત્ર કમાણી અને નાણાંમાં જ રસ પડે તો એ રાષ્ટ્ર સુખી કઈ રીતે થાય તે મોટી ચિંતા છે. જંગલનો કાનૂન કુદરતી રીતે જ કામ કરે છે એટલે એ અકબંધ છે. પશુઓ જાણે જંગલમાં એવું કહેતાં હશે કે 'જવા દો ને યાર, આ તો માણસ છે પણ આપણે એના જેવા ન થવાય!!'

કચરાનો કઈ રીતે નિકાલ કરવો એ વિકટ સમસ્યા થઈ છે. પ્લાસ્ટીક અને કેમિકલયુક્ત કચરો ખતરનાક છે. સામાન્ય ગણાતાં શહેરોમાં વાહન ચલાવતાં હોઈએ ત્યારે નાકમાં બળે કે આંખો બળે કે ચામડી લાલ થઈ જાય છતાં કોઈ ચોક્કસ પગલાં લેવામાં આવતાં નથી. હવે જાણવું જરૂરી છે કે શું લાગી રહ્યું છે તમને?

**શેર આસ્વાદ**

પ્રસંગે નોતરૂં દેવા છતાં
કોઈ નથી આવ્યું,
સળગતા ઘરને જોવા
કેવું આખું ગામ આવ્યું છે!

- હરીશ ઠક્કર